

સુવિચાર : તેવર ઔર ઝેવર સંભાલકર રખને કી ચીજ હૈ.. યું બાત બાત મેં હર કિસી કો દિખાયે નહીં જાતે - શિરાઝ ભોપાલી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧ | ૧૧ એપ્રિલ, ૨૦૧૫, શનિવાર ; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપાને નવા પદાધિકારીઓ રાજ્યના સ્થાપના દિવસે મળશે

## ૧લી મે એ સામાન્ય સભા બોલાવવાના ચક્રો ગતિમાન નામ નિર્દિષ્ટ અધિકારીએ વિવાદ અરજી નામંજૂર કરી દીધી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાને હવે મહિલા મેયર રાજયના સ્થાપના દિવસે મળે તેવા સંજોગો ઉભા થયા છે.

પક્ષાંતર ધારા ભંગના કેસનો સામનો કરી રહેલ મયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ સામે કરાયેલ વિવાદ અરજી નામનિર્દિષ્ટ અધિકારીશ્રી એ.કે. રાકેશે પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતો અધિનિયમ ૧૯૮૬થી સુપ્રત થયેલા અધિકાર અન્વયે કલમ ૬ હેઠળ વિવાદ અરજી નામંજૂર કરી છે.

આ ચુકાદો આવી જતાં ભાજપ દ્વારા હવે કોર્પોરેશનની સામાન્ય સભા બોલાવવા ઉપરાંત ડે. મેયર તેમજ સ્ટે. કમિટીના ચેરમેનની મુદત પૂર્ણ ૩૦મી એપ્રિલે થતી હોવાની ૧લી મેએ સભા બોલાવવાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાની મુદત પૂર્ણ થઈ ગઈ છે પરંતુ વડી અદાલતના મનાઈ હુકમને પગલે તેમના સ્થાને સામાન્ય સભા બોલાવી કોઈની નિમણુંક થઈ ન હતી. હવે આ ચુકાદો આવતાં સામાન્ય સભા બોલાવવાનો માર્ગ મોકળો થયો હોવાનું ભાજપના આંતરિક સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આ ચુકાદાને પગલે પક્ષના લીગલ સેલના ચેરમેનશ્રી માંગુકિયા સાથે વિચાર વિમર્શ કરી નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આજે મોડી રાત્રે શહેર કોંગ્રેસના આગેવાનો અને પક્ષના કાઉન્સીલરો અમદાવાદ

● અનુસંધાન પાન-૭ પર

# ગીફ્ટસીટીનું આઈએફએસસી દેશ માટે સીમાચિહ્ન બનશે

## મહાત્મા મંદિર ખાતે યોજાયેલ 'રેગ્યુલેટરી ફ્રેમવર્ક ફો આઈએફએસસી ઈન ઈન્ડિયા' સેમિનારમાં કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીનું ઉદ્દબોધન





ગાંધીનગર, તા.૧૦

ગુજરાતીઓના જિન્સમાં જ વેપાર-વણજ રહેલા છે એટલે બિઝનેસ અને ફાયનાન્સની બાબતે શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં દેશમાં ગુજરાત હરહંમેશ અગ્રિમ સ્થાને અને પસંદગીનું સ્થળ રહયું છે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ''રેગ્યુલેટરી ફ્રેમવર્ક ફોર આઈ.એફ.એસ.સી. ઈન ઈન્ડીયા''ની કોન્ફરન્સમાં સ્પષ્ટપણે જણાવ્યું કે ગિફ્ટ સિટીમાં આકાર પામનારૂં ફાયનાન્સીયલ સર્વિસ ઈન્ડસ્ટ્રી માટે ગેમ ચેઈન્જર પૂરવાર થવાનું છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે ગુજરાત એક દશકથી પણ વધારે સમયથી દેશનું ગ્રોથ એન્જીન બની ગયુ છે. ગુજરાતમાં માળખાકીય સવલતોના વિકાસથી સર્વાંગી ગતિ--ગતિની જે દિશા અપનાવી છે તેમાં જનભાગીદારી પણ ેરિત થતાં ગુજરાત વિકાસનું સર્વગ્રાહી મોડેલ દેશ અને દુનિયા માટે બન્યું છે.

કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરૂણ જેટલીએ આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ''રેગ્યુલેટરી ફ્રેમવર્ક ફોર આઈએફએસસી ઈન ઈન્ડિયા'' વિષયક કોન્ફરન્સને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતે ગીફ્ટ સીટીના માધ્યમથી ગ્લોબલ સ્માર્ટ સીટીના નિર્માણનો ભગીરથ પુરૂષાર્થ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ગીફ્ટ સીટી ખાતે આકાર લેનારુ ઈન્ટરનેશનલ ફાયનાન્સ સર્વિસીઝ સેન્ટર દેશનુ એક મહત્વનુ લેન્ડ માર્ક બની રહેશે.

તેમણે જણાવ્યું હતું કે, દેશનું પ્રથમ એવું ગુજરાતનું આ ઈન્ટરનેશનલ ફાયનાન્સ સર્વિસીઝ સેન્ટર (આઈ.એફ.એસ.સી.) દુબઈ, સીંગાપુર, હોંગકોંગ જેવા વૈશ્વિક આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીઝ સેન્ટરની તુલનામાં ઉભું રહેશે.

કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરૂણ જેટલીએ ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતાની નોંધ લઈ જણાવ્યું હતું કે, ગીફ્ટ સીટીના સર્જન દ્વારા ગુજરાત દેશભરના રાજયોને સ્માર્ટ સીટીના સર્જન માટે માર્ગદર્શનરૂપ બનશે.

રાજયના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગીફ્ટ સીટીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું ગણાવી જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧માં ગીફ્ટ સીટીના એસઈઝેડની મંજૂરી તો આપી પરંતુ આ માટેના નીતિ નિયમો ત્રણ વર્ષની રાહ જોયાબાદ રાજકીય ઈચ્છા શકિતના કારણે હવે શકય બન્યા છે. તેમણે આ માટે કેન્દ્રીય





નાણામંત્રીશ્રી જેટલીનો આભાર માન્યો હતો મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ આઈએફએસસી આવનારા પાંચ વર્ષમાં દુબઈ, સિંગાપુર કે હોંગકોંગ સાથે વૈશ્વિક સ્પર્ધા કરતું આંતરરાષ્ટ્રીય સેન્ટર બની રહેશે તેવી આશા પણ તેમણે વ્યકત કરી હતી.

આ પ્રસંગે ગીફ્ટ સીટી અને કોટક મહિન્દ્ર બેંક વચ્ચે પણ બેન્કીંગ સર્વિસ ક્ષેત્રે સમજૂતી કરારો થયા હતા. કાર્યક્રમના અંતે રાજ્યના નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંઘે આભાર દર્શન કર્યું હતું.

આઠમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જેઠાલાલ ગિરિજાશંકર રાવલ
સ્વર્ગવાસ તા. ૧૧મી એપ્રિલ ૨૦૦૭

અમારા જીવનના ઘડવૈયા તમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું,
કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યાં,
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા,
કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
અમે તો કહીશું, અમારા પ્રમાણિકતાના પ્રેરણા સ્ત્રોત્ર ગયા,
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવાં કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં
સુખદુઃખમાં સતત હસતા રહ્યા.

પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ, પરોપકારી આત્માને સદ્દગતિ અને ચિરશાંતિ અર્પે એજ અભ્યર્થના.

તમારા અમે સૌ.
ગં.સ્વ. કૈલાસબેન જે. રાવલ
નરેન્દ્ર રાવલ (પુત્ર) — અશોક રાવલ (પુત્ર)
જ્યોત્સ્ના રાવલ (પુત્રવધુ) — સંગીતા રાવલ (પુત્રવધુ)
વિરેન રાવલ (પૌત્ર) — કેયુર રાવલ (પૌત્ર)
સ્મિતા રાવલ (પૌત્ર વધુ) — ચિન્મયી રાવલ (પૌત્ર વધુ)
ક્રિશા રાવલ (પ્રપૌત્રી) — શ્લોક રાવલ (પ્રપૌત્ર)
માલા રાવલ, (પૌત્રી), આશિષ રાવલ (જમાઈ), વિધિ રાવલ (પ્રપૌત્રી)
સ્વ. નર્મદાબા ગિરિજાશંકર રાવલ પરિવાર

# આજે જનધન યોજનાની સમીક્ષા માટે ભારત સરકારના અધિકારી આવે છે

## ગાંધીનગર-અરવલ્લી જિલ્લાની મુલાકાત માટેનું કરાયેલું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

પ્રધાનમંત્રી જનધન યોજના તેમજ બેંક મિત્રોની સમસ્યાઓને જાણવા અને અમલીકરણની સમીક્ષા માટે ભારત સરકારના નાણાં મંત્રાલયના વિત્તીય સમાવેશન પ્રભાગના નાયબ સચિવ શ્રી એસ.આર. મેહર આજે ગાંધીનગર અને અરવલ્લીના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી મેહર દેના બેંક, દેના ગ્રામીણ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બેંક મિત્રો તેમજ જનધન યોજનાના અમલીકરણ અને રૂપે કાર્ડના વિતરણ સહિતની કામગીરીની સમીક્ષા કરશે.

શ્રી મેહર વિમાન માર્ગે અમદાવાદ આવી ગાંધીનગર થઈ અરવલ્લીના પ્રવાસે જશે. જિલ્લાના ૪૦ ગામોમાં હજુ પણ બેંકિંગ સેવાઓ પહોંચી નથી તેમજ ૫૦ થી વધુ ગામોમાં બેંકમિત્રો દ્વારા બેંકિંગ સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા આ યોજનાના અમલીકરણને લઈ સમયાંતરે સમીક્ષા કરવામાં આવી રહી છે. શ્રી મેહરની આ મુલાકાતથી જિલ્લામાં બેંકિંગ ક્ષેત્રે નવો વળાંક આવે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર જિલ્લામાં એક લાખ ૩૧ હજારથી પણ વધુ ખાતાંઓ જનધન યોજના અંતર્ગત ખુલ્યા છે. હાલ બેંક ખાતાઓને આધારકાર્ડ સાથે જોડવાની કામગીરી ચાલી રહી છે તે કામગીરી પણ શ્રી મેહર જોશે તેમ મનાઈ રહ્યું છે.

ઈન્ડિયન અને ઈમ્પોર્ટેડ કોકરી સેલ
50000 થી વધુ વ્હેરાયટીઝ
Upto SALE 50% OFF
CORELLE
સૌથી મોટામાં મોટું કોકરીનું કલેક્શન આપના શહેરમાં રએ રહી જતા... પછી પસ્તાશો...
• ફ્રાન્સ, ટર્કી, જર્મની, થાઈલેન્ડ ગ્લાસવેર • ફેન્સી પ્લાસ્ટીક વેર, બોન ચાયના
• મેલામાઈન કોકરી, ગિફ્ટ આર્ટીકલ્સ • ડાયનિંગ અને સોફાસેટ કવર વગેરે
શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજની વાડી (હોલ)
સેક્ટર-૭/સી, ગાંધીનગર



Ananya Vastram
Exclusive Collection Of
★ Cotton & Designer Dress Materials
★ Cotton & Designer Kurtis
★ Chaniya Choli
★ Accessories
★ Dupattas
★ Purses
On : 11th to 14th April, 2015
Timing : 11 a.m. to 7 p.m.
Contact : +91 8469046643, +91 9979645364, +91 9979775670
Location : Shop no. - 12, block - c, Swagat Rainforest 2, Near Spices and Herbs Restaurant, Kudasan, Gandhinagar-382421.
SUMMER Exhibition Cum SALE

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ફેમીલી/કપલ પ્રવાસો
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
કુલુ-મનાલી, સિમલા, ડેલહાઉસી
કાશ્મીર, વૈષ્ણોદેવી, અમૃતસર
કેરાલા, દાર્જીલીંગ, નૈનીતાલ
All India Tour Organiser
હીના ટુર્સ
પોલીસ ચોકીની બાજુમાં, મ્યુઝીયમ રોડ, પાલડી, અમદાવાદ.
26578686/7, 94270 31010
www.heenatours.net